©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, OCTOBER 2, 2025 / ASVINA 10, 1947 [No. 40

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫

વંચાણે લીધુ

- પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં એસઓજી/મ.ભા/જાહેરનામું/૬૨૭/૨૫ તા.૨૨/૦૮/૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

નં: ડીસી/જાહેરનામું/વશી.૮૧૩૯ થી ૮૧૭૦/૨૦૨૫:- ગુમચર સંસ્થાઓના અહેવાલો અને તાજેતરમાં તેમજ ભુતકાળમાં બનેલા બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો મહત્ત્વના શહેરોના રહેણાંક વિસ્તારમાં ગુમ આશરો મેળવી અગર તો દુકાન/ઓફીસ/વ્યવસાયિક ક્ષેત્રો ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરી રહ્યા છે.

આગામી સમયમાં તહેવારો આવતા હોય તેમજ ભારતના વીવીઆઇપીશ્રીઓની મુલાકાતે આવતા જતા હોઈ, તદઉપરાંત બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી અગરતો બીજા જિલ્લાઓમાંથી આવતા તત્ત્વો સ્થાનીક માણસોના સહકારથી મકાન અગર તો વ્યવસાયિક ક્ષેત્રો તરીકે ઉપયોગ થતી દુકાન/ઓફીસ/શોપીંગ મોલ ભાડેથી રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી/અસામાજિક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે, આ સ્થિતીને નિવારી શકાય અથવા તો અંકુશમાં મુકી શકાય તે સારૂ કોઇ દુકાન/ઓફીસ/શોપીંગ મોલ/મકાન માલીક અગર તો આ માટે આવી દુકાન/ઓફીસ/શોપીંગ મોલ/મકાન માલીકે ખાસ સત્તા આપેલી હોય તેવી વ્યક્તિ જ્યારે દુકાન/ઓફીસ/શોપીંગ મોલ/મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પરિપ્રેક્ષ્યમાં આવતાં પો.સ્ટે.માં જાણ કર્યા બાદ જ દુકાન/ઓફીસ/ શોપીંગ મોલ/મકાન ભાડે આપે અને ભાડે આપેલ પ્રોપટીની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમ મુજબની જે તે વિસ્તારના પો.સ્ટે. ખાતે આપે તે હાલના સંજોગો જોતાં અત્યંત જરૂરી છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો પર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાતુ હોઈ, વંચાણે લીધેલ પત્રથી પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરએ જરૂરી દરખાસ્ત મોકલેલ છે.

જેથી હું મેહુલ કે. દવે આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ હોય તેવી વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે અથવા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને દિન-૧૫ માં સત્વરે જાણ કરવાની રહેશે. ભાડે આપેલ મકાન, ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમોની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમોમાં ભરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન/દુકાન/ ઓફિસ/શોપીંગ/ મોલ/ વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટીના માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત, કયા વિસ્તારમાં, કેટલુ બાંધકામ	મકાન/દુકાન/ ઓફિસ/શોપીંગ/ મોલ/ વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટી ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ સરનામું	મકાન/દુકાન/ ઓફિસ/શોપીંગ/ મોલ/ વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટી ક્યારે ભાડે આપેલ છે ભાડાની વિગત સાથે કેટલા સમય માટે	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે. તેમા રહેનાર તમામ વ્યક્તિના પાકા નામ સરનામા સાથે	સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ સરનામું	મકાન/દુકાન/ ઓફિસ/શોપીંગ/ મોલ/ વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટીના માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તા.૦૩/૦૯/૨૦૨૫ થી તા.૦૧/૧૧/૨૦૨૫ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે. કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો મારફતે બહોળી પ્રસિદ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ પર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ પર હુકમની નકલ ચોટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમને સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવો.

આજ તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

મેહુલ કે. દવે,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫

વંચાણે લીધુ

- પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.એસઓજી/ગણવેશ જા.નુ/૬૨૮/૨૫ તા.૨૨/૦૮/૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

નં.: ડીસી/જાહેરનામું/વશી ૮૧૭૧ થી ૮૨૦૨/૨૦૨૫:- પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરનાઓએ આમુખના પત્રથી જણાવ્યા અનુસાર તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાં બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી બી.એસ.એફ.ના કંડમ કરેલા વાહનમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરી રહ્યા હતા. જેમને સ્થાનિક પોલીસ દ્વારા અટકાયત કરી પુછપરછ કરતા બે વ્યક્તિઓએ પોતે બી.એસ.એફ.ના જવાનો હોવાનું ઉલ્લેખ કરી પરંતુ સ્થાનિક પોલીસ દ્વારા વધુ તપાસ કરતા તે પૈકી એક વ્યક્તિ નિવૃત્ત સૈનિક અને અન્ય વ્યક્તિ સામાન્ય નાગરિક હતા.

બિનલશ્કરી વ્યક્તિ સામાન્ય નાગરીક દ્વારા સૈન્ય ગણવેશ/ચિન્હો અને વાહન સરળતાથી મેળવી શકાતા હોય તો રાષ્ટ્રવિરોધી તત્ત્વો દ્વારા પણ તેનો દુરપયોગ થઈ શકે તે શક્યતાને નકારી શકાય નહીં. ભુતકાળમાં પણ ત્રાસવાદીઓ દ્વારા સૈન્ય ગણવેશમાં આવી પઠાણકોટ, પંજાબ તથા ઉરી, જમ્મુ અને કાશ્મીર ખાતેની સૈન્ય છાવણીઓ પર હુમલાઓ કર્યા અંગેના બનાવો બનેલા છે. ગુજરાત રાજ્ય આંતરરાષ્ટ્રીય જળ સીમા અને સરહદ ધરાવતું રાજ્ય હોવાથી વિશેષ તકેદારી રાખવાની જરૂરિયાત રહે છે.

અગાઉ પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ હતો. રાજ્યના વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનુ વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે આવા વસ્ત્રો ધારણ કરી અસામાજિક તત્ત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો પુરેપુરો સંભવ છે જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે, આ બાબત સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખૂબ જ જરૂરી છે.

વાસ્તે, હું મેહુલ કે. દવે આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, અત્રેના ગાંધીનગર જિલ્લાની સમગ્ર મહેસૂલી વિસ્તારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજવસ્તુઓના વેચાણ/ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તા.૦૩/૦૯/૨૦૨૫ થી તા.૦૧/૧૧/૨૦૨૫ બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે. કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો મારફતે બહોળી પ્રસિદ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ પર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ પર હુકમની નકલ ચોટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમને સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવો.

આજ તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

મેહુલ કે. દવે,

જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.07 15:06:38 IST